જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૭/૨૦૧૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૨૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી ૧૪૮ લીટર દેશી, ૧૧૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪૪ બિયર ટીન, ૧ કાર અને ૧ આઈસર ગાડી કબજે કરી હતી.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૨૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૭ વ્યક્તિઓની તથા પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદ :- સમાચાર યાદી નં.૧૩૨૬/૧૬

**સેટેલાઇટ : નીલેષભાઇ લલીતભાઇ ચૌધરી** (રહે.મુકુંદનગર સોસાયટી, ચાણકયપુરી, કારગીલ પેટ્રોલપંપની સામે, સોલા) એ તા.૨૦/૦૭/૧૬ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૭/૧૬ નાં કલાક ૧૧/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે આરોપી નિલેશ ભીમજીભાઇ વાસન (રહે.પરીશ્રમ એપાર્ટમેન્ટ, શીવરંજની ચાર રસ્તા, સેટેલાઇટ) એ ફરીયાદી નિલેશભાઇનાં દસ્તાવેજમાં ચેડા કરી કોટક મહિન્દ્રા બેંકની શીવરંજની ખાતેની શાખામાંથી રૂપિયા ૩,૫૦,૦૦૦/- પર્સનલ લોન મંજુર કરાવી તેમજ રૂપિયા ૩૦,૦૦૦/- ની લીમીટવાળુ ક્રેડીટકાર્ડ મેળવી, તેમાંથી રૂપિયા ૨૫,૦૦૦/- પોતાના ખાતામાં જમા કરાવી ઉપાડી લઇ તેમજ એચ.ડી.એફ.સી.બેંક ની ડ્રાઇવીંગ ખાતેની શાખામાંથી લોન મેળવવાનો પ્રયાસ કરી ફરીયાદી નિલેશભાઇ તથા બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

અપમૃત્યુ :- સમાચાર યાદી નં.૧૩૨૭/૧૬

**દાણીલીમડા : નુનપ્રસાદ ઉર્ફે નંદુ તુલસીભાઇ યાદવ (ઉ.વ.૩૨)(રહે.બચુભાઇનો કુવો, વિમલ ક્રોસીંગ પાસે, વટવા)** તા.૨૦/૭/૧૬ ના કલાક ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે શ્રીજી ઇન્ડસ્ટ્રીયલ ફેક્ટરીમાં કારીગરોનાં રહેણાંકનાં શેડ ઉપરથી નીચે પડી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં લઇ જતાં, ફરજ પરનાં ડૉ.શ્રીએ નનુપ્રસાદને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૧૩૨૮/૧૬</u>

**રિવરફ્રન્ટ “વેસ્ટ” : ભૌમીક રમણલાલ પરમાર (ઉ.વ.૨૯)(રહે.તુલસીધામ ટેનામેન્ટ, રાણીપ ગામ) એ કોઇ અગમ્ય કારણસર** તા.૨૦/૭/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સરદારબ્રીજનાં કિનારે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે **રિવરફ્રન્ટ “વેસ્ટ”** પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પુજાભાઇ કરસનભાઇ ચલાવે છે.

**રિવરફ્રન્ટ “ઈસ્ટ” : સતીષભાઇ ખાનાભાઇ કામલીયા (ઉ.વ.૪૦)(રહે.વિકાસનગર, ગુ.હા.બોર્ડ, ટોરન્ટ પાવર પાસે, અમરાઇવાડી) એ કોઇ અગમ્ય કારણસર** તા.૨૦/૭/૧૬ સાંજના ૭/૪૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે નારણઘાટ પાસે, દશામા નાં મંદીર નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી આ અંગે **રિવરફ્રન્ટ “ઈસ્ટ”** પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઇ ગણપતભાઇ ચલાવે છે.

પાલડી : **જીજ્ઞેશભાઇ દિનેશભાઇ મકવાણા (ઉ.વ.૨૧)(રહે.સુખીપુરાનાં છાપરાં, વસંતકુંજ ચાર રસ્તા પાસે, પાલડી) એ** તા.૧૯/૭/૧૬ સાંજના ૬/૪૦ વાગ્યાનાં સુમારે ગાંધીગ્રામથી સરખેજ જતાં રેલવે ટ્રેક ઉપર ટ્રેઇનની અડફેટમાં આવી આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિક્રમસિંહ નટવરસિંહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)